# ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણામાં નવરાત્રીની જમાવટ






અંબાજીથી પધારેલી દિવ્ય જ્યોતનું આજે ગાંધીનગરના સેક્ટર- ૮ ના ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર પાસે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા અને નાગરિકોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને જ્યોતનું સ્વાગત કર્યું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં અંબાજીથી પધારેલી આ દિવ્ય જ્યોત નવરાત્રી દરમિયાન અખંડ પ્રજ્જ્વલિત રહેશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના સમર્પણ ગરબા ગ્રાઉન્ડમાં અંબાજીના૭૧ ફૂટ ઊંચા ગબ્બરનું નિર્માણ કરાયું છે. ગબ્બરના સાનિધ્યમાં ચોકમાં રંગબેરંગી ભાતીગળ વસ્ત્રોમાં શોભતા ખેલૈયાઓએ મન મુકીને ગરબે રમવાનું શરૂ કરી દીધું છે.

# ઢુંઢર અને સુરત બળાત્કાર કેસની ઝડપી ટ્રાયલ માટે ફાસ્ટટ્રેક જજની નિમણૂક

અમદાવાદ, શુક્રવાર

સાબરકાંઠાના ઢુંઢર ગામ અને સુરતના ડિંડોલી વિસ્તારમાં નાની બાળકીઓ પર થયેલા બળાત્કારના કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચાલશે. આ માટે બે ફાસ્ટટ્રેક જજનો નિમણૂક કરી દેવામાં આવી છે. આ માટે રાજ્ય સરકારે હાઈકોર્ટના ચીફ ન્યાયાધીશને પત્ર લખીને બે જજની નિમણૂક કરવાની વિનંતી કરી હતી.



ઢુંઢરમાં ૧૪ મહિનાની બાળકી પર થયેલા બળાત્કાર અને સુરતના ડિંડોલી વિસ્તારમાં પાંચ-પાંચ વર્ષની બે બાળકી પર થયેલા બળાત્કાર બાદ રાજ્ય સરકારે જાહેરાત કરી હતી કે આ બંને બનાવમાં કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવશે. તેમજ આરોપીઓને ઝડપથી ફાંસી સુધીની સજા અપાવવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવશે.

આ ત્રણેય ત્રણેય કેસની ઝડપી ટ્રાયલ માટે ખાસ ફાસ્ટટ્રેક કોર્ટ જજની નિમણૂક કરી દેવામાં આવી છે. રાજ્ય વડી અદાલતે આ અંગેના જારી કરેલા જાહેરનામા અનુસાર સાબરકાંઠાની ઘટનામાં ફાસ્ટટ્રેક કોર્ટ જજ તરીકે સાબરકાંઠા જિલ્લાના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ શ્રી કે. બી. ગુજરાથી તેમજ સુરતની બે ઘટનાઓમાં ફાસ્ટટ્રેક કોર્ટ જજ તરીકે સુરત જિલ્લાના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ શ્રી આર. કે. દેસાઈની નિયુક્તિ કરવામાં આવી છે.

# કોર્ટના આદેશ બાદ હવે વિજય માલ્યાની બેંગલુરુની સંપત્તિ પણ જપ્ત કરાશે

નવી દિલ્હી, શુક્રવાર

દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે ઈડીની અરજી પર ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ (ફેરા) કાયદાના ઉલ્લંઘનના આરોપી વિજય માલ્યાની બેંગાલુરુ સ્થિત સંપત્તિ જપ્ત કરવાનો આદેશ આપ્યો છે. આપને જણાવી દઈએ કે, આ અગાઉ બેંગાલુરુ પોલીસે વિજય માલ્યાની ૧૫૯ મિલકતોની ઓળખ કરી હતી. પરંતુ કોર્ટનો આદેશ નહીં હોવાને કારણે માલ્યાની આ સંપત્તિ જપ્ત કરવી પોલીસ માટે સરળ નહતી.જોકે હવે પટિયાલા હાઉસ કોર્ટના આદેશ પછી ઈડી માટે વિજય માલ્યાની સંપત્તિ જપ્ત કરવી વધુ સરળ બનશે. ઉલ્લેખનીય છે કે, ગત એપ્રિલ મહિનામાં બેંગાલુરુ પોલીસે ઈડીના માધ્યમથી નવી દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં વિજય માલાની સંપત્તિ જપ્ત કરવા અરજી કરી હતી.

મહત્વનું છે કે, આ મામલે ગત ૪ જાન્યુઆરીએ પટિયાલા હાઉસ કોર્ટ વિજય માલ્યાને પહેલેથી જ ભાગેડુ જાહેર કરી ચુકી છે. ઈડીના સમન છતાં હાજર નહીં થવાને કારણે ઈડીએ વિજય માલ્યાને ભાગેડુ જાહેર કરવા પટિયાલા હાઉસ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. ગત વર્ષે ૧૨ એપ્રિલે વિજય માલ્યાને કોર્ટમાં હાજર રહેવા આદેશ આપ્યો હતો.

# એર ઈન્ડિયાનું વિમાન ત્રિચી એરપોર્ટની દીવાલ સાથે અથડાયું; મુંબઈમાં તાકીદનું ઉતરાણ

મુંબઈ, શુક્રવાર

એર ઈન્ડિયા એક્સપ્રેસના ત્રિચીથી દુબઈ જતા વિમાનના પ્રવાસીઓ ગઈ મધરાત બાદ એક મોટી દુર્ઘટનામાંથી આબાદ રીતે બચી ગયાં છે.

તામિલનાડુના તિરુચિરાપલ્લી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રાતે ૧.૩૦ વાગ્યે ટેક-ઓફ્ફ કરતી વખતે વિમાન એર ટ્રાફિક કન્ટ્રોલની કમ્પાઉન્ડ વોલ (સેફ્ટી વોલ) સાથે અથડાયું હતું. ત્યારબાદ વિમાનને મુંબઈ તરફ વાળી દેવામાં આવ્યું હતું અને મુંબઈ એરપોર્ટ પર એનું તાકીદનું ઉતરાણ કરવામાં આવ્યું હતું. સદ્દભાગ્યે તમામ ૧૩૬ પ્રવાસીઓ સુરક્ષિત છે. વિમાને મુંબઈ એરપોર્ટ પર ઉતરાણ કર્યા બાદ તમામ પ્રવાસીઓ સુરક્ષિત રીતે બહાર ઉતર્યાં હતાં. વિમાનના પેટના ભાગમાં ઘણું નુકસાન થયું હતું. પરંતુ મુંબઈ એરપોર્ટ પર ચકાસણી બાદ એને વિમાન સફર માટે ફિટ ઘોષિત કરવામાં આવ્યું હતું.

# ટ્રમ્પની ધમકી : તાકાત હોય તો ૪ નવેમ્બર બાદ ઈરાન પાસેથી ક્રુડ ખરીદી બતાવો

વોશિંગ્ટન, શુક્રવાર

ડોનાલ્ડ ટ્રમ્પે સત્તામાં આવ્યા બાદ મે મહિનામાં ઈરાન સાથેની પરમાણું સંધી રદ કરી હતી. અને ઈરાન પર વધુ આકરા પ્રતિબંધ લગાવવાની જાહેરાત કરી હતી. ઈરાન પરના આ નવા પ્રતિબંધ આગામી ૪ નવેમ્બરથી લાગુ થઈ રહ્યાં છે. પ્રતિબંધ બાદ અમેરિકાએ ઈરાન પાસેથી ક્રુડ ઓઈલની આયાત યથાવત રાખનારા દેશોને ૪ નવેમ્બર સુધીમાં પોતાની આયાત ઘટાડી શૂન્ય કરવા કહ્યું છે. સાથે જ આમ નહીં કરનારા દેશો સામે કાર્યવાહી કરવાની પણ ચેતવણી આપી છે.આ અગાઉ અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, રશિયા પાસેથી પાંચ અબજ ડોલરના સોદામાં જ-૪૦૦ મિસાઈલ સિસ્ટમ ખરીદવા પર ભારત સામે અમેરિકાના કાયદા અંતર્ગત શિક્ષાત્મક કાર્યવાહી થશે કે કેમ તે બાબતે આગામી સમયમાં ખબર પડી જશે. રશિયા સાથેની પાંચ અબજ ડોલરની ડિફેન્સ ડીલ પર અમેરિકા CAATSA નિયમ અંતર્ગત પ્રતિબંધ લગાવી શકે છે. ગત મહિને અમેરિકાએ ચીન પર આ પ્રકારના જ પ્રતિબંધો લગાવ્યા હતાં. ચીને રશિયા પાસેથી જ-૩૫ ફાઈટર જેટ અને જ-૪૦૦ મિસાઈલ સિસ્ટમ ખરીદવા પર આ પ્રતિબંધો લાગૂ કર્યાં હતાં.

CAATSA અમેરિકાનો સંઘીય કાયદો છે. જે અંતર્ગત ઈરાન, નોર્થ કોરિયા અને રશિયા પર પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યા છે. ભારત અને રશિયા વચ્ચે થયેલા આ સોદા વિષે ટ્રમ્પે કહ્યું હતું કે, ભારતને ટૂંક સમયમાં જ ખબર પડી જશે. પગલા ભરવાના સમય બાબતે પુછવામાં આવતા ટ્રમ્પે કહ્યું હતું કે, તમે જોતા રહો, અને તમે વિચારો છો તે પહેલા જ પગલા ભરવામાં આવશે.

# 'આરોપી' અકબર જ યૌન શોષણનાં આરોપોનો જવાબ આપી શકે : સ્મૃતિ ઈરાની

નવીદિલ્હી, શુક્રવાર

કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું કે, એમ.જે. અકબર લગાવવામાં આવેલા યૌન શોષણનાં આરોપો વિશે કોઈ ટિપ્પણી કરવાનું ટાળ્યું પણ તેમણે એટલું કહ્યું કે, જે મહિલાઓએ આ યૌન શોષણ સામે બોલવાની હિંમત કરી છે તેમને ન્યાય મળવો જોઈએ. સમગ્ર દેશમા મી ટૂ કેમ્પેઈને જોર પકડ્યુ છે અને મહિલા પત્રકારોએ ભૂતપૂર્વ તંત્રી અને હાલમા નરેન્દ્ર મોદી સરકારનાં વિદેશ રાજ્ય મંત્રી એમ.જે અકબર પર યૌન શોષણનાં ગંભીર આરોપો લગાવ્યાં છે. એમ.જે.અકબર જ્યારે અખબારનાં તંત્રી હતા ત્યારે તેમણે આ મહિલાઓ પર યૌન શોષણ કર્યાના આરોપ છે.



સ્મૃતિ ઈરાનીએ આ મામલે કહ્યું કે, જે વ્યક્તિ પર આરોપ થયો છે તે પોતે આ મુદ્દે જવાબ આપે એ યોગ્ય છે. હું આ મુદ્દે નિવેદન આપુ તે યોગ્ય નથી. કેમ કે, જે ઘટના બની ત્યારે હું ત્યાં હાજર નહોતી પણ જે વ્યક્તિ પર આરોપ લાગ્યા છે તે વ્યક્તિ જ આ મુદ્દે જવાબ આપે તે યોગ્ય છે. સ્મૃતિ ઈરાનીએ લોકોને વિનંતી કરતા કહ્યું કે, જે મહિલાઓ યૌન શોષણનો ભોગ બની છે તે ખુલીને અવાજ ઉઠાવે છે, તો તેમની મજાક-મશ્કરી ન કરો. પીડિતાઓની મજાક ન કરો. આ વાત હું, વારંવાર કહી રહી છું. સ્મૃતિ ઈરાનીએ એમ પણ કહ્યું કે,મહિલાઓ સ્વમાનભેર જીવન જીવવા માટે કમાવવા માટે કામ કરવા જાય છે, નહી કે તેનું શોષણ કરાવવા માટે.

## પહેલા પાનાનું અનુસંધાન

### પેન્ડિંગ કેસો ઉકેલવા કવાયત

રજા ન લેવાનું કહ્યું. આ ઉપરાંત તેમાં કામ કરવાના કલાકોમાં કોર્ટમાં હાજર રહેવાનું પણ કહ્યું. વીડિયો કોન્ફરન્સ દરમિયાન સીજેઆઈએ કોર્ટમાં અધિવક્તાઓને જજોની નિયુક્તિ પર પણ ભાર આપ્યો. વાતચીત દરમિયાન જસ્ટિસ ગોગોઈએ કેસના ઉકેલ માટે નીચલી અદાલતમાં પદોને ભરવાની પણ વાત કરી.

સીજેઆઈએ પહેલાંથી એક દશકાથી વધુ સમયથી કોર્ટમાં અંતિમ ચુકાદા માટે પડેલાં અપરાધિક કેસને જલદીથી પૂરાં કરવાની શરૂઆત કરી છે. કોર્ટમાં બુધવાર અને ગુરૂવારે અપરાધિક અપીલોની સુનાવણી ઓછામાં ઓછી પાંચ બેંચવાળી બેંચ કરશે. તો પહેલાં એવા મામલાઓમાં અપરાધિક અપીલ રોસ્ટરવાળી બેંચ જ સુનાવણી કરતી હતી. રાષ્ટ્રીય ન્યાયિક ડેટા ગ્રિડ મુજબ આ સમયે ૪૨ હાઈકોર્ટમાં લગભગ ૪૩ લાખ કેસ પેન્ડિંગ છે. તો સુપ્રીમ કોર્ટની સત્તાવાર વેબસાઈટ મુજબ ઉચ્ચત્તમ કોર્ટમાં ૫૫,૮૪૬ કેસ પેન્ડિંગ છે.

## હેપ્પી બર્થ ડે

### કાળિયાબીડનાં ક્યુટ બોય 'યુવરાજ'નો આજે જન્મદિવસ



શહેરના કાળીયાબીડમાં રહેતા ક્યુટ ક્યુટ બોય 'યુવરાજ'નો આજે શુક્રવારે જન્મદિવસ છે. પિતાજી પ્રદિપસિંહજી, વ્હાલી-વ્હાલી મમ્મી રાજેશ્વરીબેન, મમ્મી-પપ્પાથી પણ યુવરાજ જેને વધુ વ્હાલો છે તે દાદાજી અમરસિંહભાઈ, દાદીમાં જનકબા, નાનાજી માનસિંહભાઈ, નાનીમાં તખતબા, મોટા પપ્પા કમલજીતસિંહ, મોટા મમ્મી અલ્પાબેન, ભાઈ પૃથ્વીરાજ, માસી જયશ્રીબેન (એ.એસ.આઈ.), પુષ્પાબેન, કૈલાશબેન, માયાબેન, મનીષાબેન, મીનાબેન અને ફઈબા અસ્મિતાબેન તેમજ રૂપલબેન સહિતનાં પરિવારજનોનાં અપાર હેત, પ્રેમ અને અસ્ખલિત લાગણીઓ વચ્ચે યુવરાજ આજે તેનો જન્મદિવસ ધામેધૂમે ઉજવશે. યુવરાજને જન્મદિવસની શુભેચ્છા આપવા ડાયલ કરો : ૯૬૦૧૭૪૭૫૮૪.

### રવેચીમાં ટ્રસ્ટ ધામના ટ્રસ્ટી રાજુભાઈ ઉદાણીના પુત્રનો આજે જન્મ દિવસ



રૂવા પાસે આવેલ રવેચીમાં ટ્રસ્ટ ધામના ટ્રસ્ટી અને સિંધી સમાજના અગ્રણી રાજુભાઈ ઉદાણીના પુત્ર કમલેશ ઉદાણીનો આજે જન્મ દિવસ છે. તેઓને શુભેચ્છા આપવા ડાયલ કરો ૯૮૨૫૧૪૮૩૮૩

### શહેર કોંગ્રેસના મંત્રી સોહીલ ઘીવાલાના પુત્ર 'ઈસ્માઈલ'નો આજે જન્મદિવસ



ભાવનગર શહેર કોંગ્રેસના મંત્રી અને સેવાભાવી આગેવાન સોહીલભાઈ ઘીવાલાના વ્હાલા પુત્ર 'ઈસ્માઈલ'નો આજે શુક્રવારે જન્મદિવસ છે. વ્હાલી-વ્હાલી મમ્મી સલમાબેન, દાદાજી સીદીકભાઈ, દાદીમા મેકુજાબેન, મોટાબેન બીસ્બાહ, કાકા-કાકી, નાનાબાપુ, નાનીબા સહિતના પરિવારજનોના અપાર હેતપ્રેમ અને અસ્ખલિત લાગણીઓ વચ્ચે 'ઈસ્માઈલ' આજે તેનો જન્મદિવસ ધામેધૂમે ઉજવશે. 'ઈસ્માઈલ'ને હેપી બર્થ-ડે કહેવા ડાયલ કરો ૯૮૨૪૨૦૦૯૩૭.

## છેલ્લા પાનાનું અનુસંધાન

### ભાવનગરમાં વ્યાજખોરોએ

તેની દિકરીથી વિશેષ કશુ હોતું નથી અને એ દિકરીના અપહરણની કોઈ વાત કરે અને તે પણ વ્યાજખોરો ત્યારે સ્વાભાવિક જ 'હવે શું' થશે ? એ ચિંતા અને તેના પરિણામોના વિચારોનો જે ઝંઝાવાત પિતાના મગજમાં થયો હોય તે બાબતો આખરે આપઘાતને પ્રેરે છે અને આ ઘટનામાં પણ એવું જ થયું છે અને કંટાળેલા પિતાએ દિકરીના અપહરણની વાત આવી એટલે ગભરાઈ જઈને આત્મહત્યા કરી લીધી હતી.

બનાવ અંગે પોલીસે ભાવનગરના અલગ-અલગ વિસ્તારમાં રહેતા અનુક્રમે ચાર વ્યક્તિ (૧) ભરતભાઈ લખમણભાઈ મેર (૨) દેવાભાઈ મેપાભાઈ મેર (૩) લખાભાઈ મેપાભાઈ મેર અને (૪) લખાભાઈ કમાભાઈ રાઠોડ સામે આઈપીસી કલમ ૩૦૬, ૫૦૬ (૨) અને મનીલેન્ડ એક્ટની વિવિધ કલમો સહિત કલમ ૧૧૪ મુજબ ગુનો દાખલ કર્યો છે. તપાસનીશ પોલીસ અધિકારી પીઆઈ ઈસરાણીએ 'આસપાસ' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મૃતક લખાભાઈ નાજાભાઈ રાઠોડને સંતાનમાં ત્રણ દિકરા છે અને એક દિકરી છે અને આ એકની એક દિકરીનું અપહરણ કરવાની વાત વ્યાજખોરોએ કરી અને એક પિતાએ આત્મહત્યા કરી લીધી. ભાવનગર શહેરમાં જ નહીં જિલ્લામાં વ્યાજખોરોનું દુષણ ખૂબ જ ફુલ્યુફાલ્યું છે. આ મામલે કોઈ ઈચ્છાશક્તિ ધરાવતા જાંબાઝ પોલીસ અધિકારી જો આગળ વધે તો જ આ દુષણ બંધ થાય અથવા નિયંત્રણમાં આવે તેવી સ્થિતિ ભાવનગરની છે.

### સુરતમાં સતત ત્રીજા

કારણે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. ધુમ્મસને પગલે સમગ્ર વિસ્તાર ધુંધળો અને સફેદ ચાદર ઓઢેલો હોય તેવો લાગતો હતો. ઠંડી અને ધુમ્મસને પગલે સ્કુલવાહનો, રોજગારી માટે જતા લોકો અને હાઈ-વે પર લોકોને વાહન ચલાવવામાં ખૂબ મુશ્કેલી પડી હતી. વાહન ચાલકોને દૂરનું જોવામાં ગાઢ ધુમ્મસ બાધારૂપ બનતા લોકો પણ સાવચેતીથી વાહનો ચલાવાતા જોવા મળ્યા હતા.

સુરત એરપોર્ટ પર સતત ત્રીજા દિવસે પણ ધુમ્મસને લીધે ફ્લાઈટ લેન્ડ કરાવવામાં પરેશાની ઉભી થવાની શક્યતા છે.ગુરુવારે એર ઈન્ડિયાની દિલ્હી-સુરત ફ્લાઈટને અમદાવાદ ડાયવર્ટ કરવી પડી હતી. ઉપરાંત સ્પાઈસ જેટની જયપૂર-સુરત ફ્લાઈટ અને સ્પાઈસ જેટની હૈદરાબાદ -સુરત ફ્લાઈટ પણ ડાઈવર્ટ કરવાની નોબત આવી હતી.આટલું ઓછું હોય એમ સ્પાઈસ જેટની દિલ્હી -સુરત ફ્લાઈટ પણ લગભગ ૨.૧૫ મિનિટ મોડી એટલે કે સવારે ૧૦ વાગ્યે લેન્ડ થઈ શકી હતી અને ઈન્ડિગોની દિલ્હી -સુરત ફ્લાઈટ પણ ૨.૩૦ મિનિટ મોડી પડી હતી અને સવારે ૧૧ વાગ્યે લેન્ડ થઈ શકી હતી ઉલ્લેખનીય છે કે એરપોર્ટ પર ઈન્સ્ટ્રુમેન્ટલ લેન્ડિંગ સિસ્ટમ રી-ઈન્સ્ટોલ નહીં કરવામાં આવતા ધુમ્મ્સની સ્થિતિમાં ફ્લાઈટ ડાયવર્ટ કરવાની નોબત ઉભી થઈ રહી છે.

આઈએલએસ એટલે ઈન્સ્ટ્રુમેન્ટલ લેન્ડિંગ સિસ્ટમ કે જે કોઈ પણ એરક્રાફ્ટને રનવે પર લેન્ડિંગ માટે માર્ગદર્શન આપવા માટે ઉપયોગમાં લેવાય છે. ખરાબ હવામાન અને ધુમ્મસ જેવી સ્થિતિમાં આ ડિવાઈસ ફ્લાઈટને લેન્ડ કરાવવા પાઈલોટને સિગ્નલ મોકલી યોગ્ય લેન્ડિંગ કરાવવામાં મદદરૂપ નીવડે છે. પાઈલોટને ફ્લાઈટની હોરીઝનટલ અને વર્ટિકલ પોઝિશન આઈએલએસ દ્વારા મળી રહે છે. આ સિસ્ટમની કિંમત ૫ કરોડની હોવાનો અંદાજ છે.

### ગુજરાતમાં ધારાસભ્યોના

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધારા વિધેયક, જીએસટી વિધેયક, નગરપાલિકા સુધારા વિધેયક અને બાયોટેક્નોલોજી યુનિવર્સિટી વિધેયકને રાજ્યપાલ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જ્યારે ચેઈન સ્નેચિંગના ગુનામાં ૧૦ વર્ષની સજાની જોગવાઈ સૂચવતું આઈપીસી સુધારા વિધેયક અને ૭૫ ટકા ફ્લેટધારકોની સંમતિ હોય તો રિડેવલપમેન્ટને મંજૂરી આપતું ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમ સુધારા વિધેયકને રાષ્ટ્રપતિને મોકલવામાં આવ્યું છે.